# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-02-2025 Day : Monday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **અસરફ નથવાણી** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ – આદિ મહોત્સવ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે નવી દિલ્હીમાં આદિ મહોત્સવ 2025નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે શ્રીમતી મુર્મુએ કહ્યું કે દેશના આદિવાસી લોકોની પરંપરાઓ અને જીવનશૈલી દેશની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવે છે. તેમણે કહ્યું કે આ વર્ષના બજેટમાં આદિવાસી કલ્યાણ માટે ફાળવણી ત્રણ ગણી વધારવામાં આવી છે.

આદિ મહોત્સવનો ઉદ્દેશ ભારતના આદિવાસી સમુદાયોની જીવંત સંસ્કૃતિ, વારસો અને આર્થિક સંભાવનાની ઉજવણી અને પ્રદર્શન કરવાનો છે. આ મહોત્સવમાં 600થી વધુ આદિવાસી કારીગરો અને 500 કલાકારો ભાગ લઈ રહ્યા છે. આ મહોત્સવમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 25 આદિવાસી ખાદ્યપદાર્થોના સ્ટોલ લગાવવામાં આવ્યા છે જે તે સ્થળોની ખાદ્ય પરંપરાઓનું પ્રદર્શન કરે છે.

-----------------------------------------------------------------------------------------

## રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

**જૂનાગઢ મહાનગરપાલિકા, 68 નગરપાલિકાઓ, 3 તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી માટેનું મતદાન ગઇકાલે યોજાયું. રાજ્યની કુલ 2178 બેઠકો માટે સરેરાશ મતદાન 57 ટકા નોંધાયું છે. 5 હજારથી વધુ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. 2018માં યોજાયેલી 75 નગરપાલિકામાં સરેરાશ 65 ટકા મતદાન થયું હતું. જ્યારે આ વખતે મતદાનમાં 8 ટકાનો ઘટાડો થયો છે.**

-----------------------------------------------------------------------------------------

## કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

જિલ્લાની ભચાઉ અને રાપર નગરપાલિકાની ચૂંટણી માટે ગઈકાલે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભચાઉ નગરપાલિકામાં 7 વોર્ડની 28 બેઠકો પૈકી 17 બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. જેથી બાકીની 11 બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જ્યારે રાપરમાં 26 બેઠકો માટે મતદાન યોજાયું હતું. તમામ સ્થળે શાંતિપૂર્ણ રીતે મતદાન કાર્ય પૂર્ણ થયું હતું. રાપર નગરપાલિકા ચૂંટણી માટે 62.52 ટકા મતદાન થયું. જ્યારે, ભચાઉ નગરપાલિકા ચૂંટણી માટે કુલ 54.94 ટકા મતદાન નોંધાયું છે.

આ ઉપરાંત, ત્રણ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી અંતર્ગત મુંદરા તાલુકાના મોટી ભુજપુરમાં સૌથી વધુ 70.17 ટકા, તો સૌથી ઓછું 38.82 ટકા મતદાન ભચાઉની લાકડિયા બેઠક પર નોંધાયું હતું. તો માંડવી તાલુકાની દરશડી બેઠક પર 56 ટકા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

---

## માહિતી પ્રસારણ મંત્રાલયના સચિવની આકાશવાણીની મુલાકાત

**કચ્છની મુલાકાતે આવેલ કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ ગઇકાલે આકાશવાણી ભુજની મુલાકાત લીધી હતી અને અહીંથી પ્રસારિત થતા શ્રોતાઓના ખાસ પસંદીદા કાર્યક્રમોથી અવગત થઇ આ કાર્યક્રમોની તેમણે પ્રશંસા કરી હતી. તેમણે આગામી સમયમાં શરુ થનાર FM નો વ્યાપ કચ્છના છેવાડાના અને સરહદી વિસ્તાર સુધી પહોંચશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.**

**આ ઉપરાંત, તેમણે સમાચાર વિભાગના વિવિધ સમાચાર બુલેટીન્સ અને અન્ય કાર્યક્રમો અંગે પણ વિગતો મેળવી હતી.તેમણે સ્થાનિક કચ્છી ભાષામાં સમાચાર બુલેટીન શરુ કરવા પર ખાસ ભાર મુક્યો હતો.**

---

## રાજ્યપાલ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પરીક્ષાને આત્મવિશ્વાસ અને પરિશ્રમનું પર્વ ગણાવી આગામી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને વિશેષ લેખના માધ્યમથી વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું છે. શ્રી દેવવ્રતે લેખમાં જણાવ્યું કે, પરીક્ષાનો સમય નજીક આવતાં જ વિદ્યાર્થીઓના મનમાં ગભરાટ અને તણાવ વધવા લાગે છે, પરંતુ પરીક્ષાથી ડરવાની જરૂર નથી. તેને એક ઉત્સવ તરીકે ઉજવવી જોઈએ.

પરીક્ષા તમારા જ્ઞાન અને મહેનતને પરખવાની એક પારાશીશી માત્ર છે, એક માધ્યમ માત્ર છે. પરીક્ષા તમારી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની એક પ્રણાલી છે, જેનાથી તમને ખબર પડે કે, આખા વર્ષ દરમિયાન તમે કેટલું શીખ્યા અને કયા ક્ષેત્રમાં સુધારાની જરૂર છે? તેમ શ્રી દેવવ્રતે ઉમેર્યું હતું. શ્રી દેવવ્રતે વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં જતાં પહેલા ધ્યાનમાં રાખવામાં આવતી બાબતો પણ જણાવી બિનજરૂરી બાબતોથી દૂર રહેવા પણ સલાહ આપી છે.

------------------------------------------------------------------------------------

## પ્રાણી કલ્યાણ બોર્ડ

કચ્છ સહિત રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આગામી 13 માર્ચ 2025 સુધી ‘પ્રાણી કલ્યાણ પખવાડીયું તથા ‘પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ’ની ઉજવણી કરાશે. આ ઉજવણીનો પ્રારંભ ગત 14 જાન્યુઆરી 2025એ કરાયો હતો, જેનો સમયગાળો વધારીને 13 માર્ચ 2025 સુધી કરવામાં આવ્યો છે. આ દરમિયાન રાજ્યભરમાં આધુનિક પશુપાલન પદ્ધતિઓ અંગે નાગરીકોમાં જનજાગૃતિ વધારવા અને પશુધનના કલ્યાણને પ્રોત્સાહન આપવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, તેમ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

------------------------------------------------------------------------------------

## મહિલા પ્રીમીયમ લીગ ક્રિકેટ

વડોદરા ખાતે રમાતી મહિલા પ્રીમિયર લીગ મેચમાં ગુજરાત જાયન્ટ્સની ટીમે યુપી વોરિયર્સ ટીમને છ વિકેટે હાર આપી પ્રથમ જીત મેળવી છે. યુપીની ટીમનાં 9 વિકેટનાં ભોગે 143 રનના જવાબમાં ગુજરાતની ટીમે 4 વિકેટ ગુમાવી 144 રન કરી મેચ જીતી લીધી હતી. એ અગાઉ મહિલા પ્રીમિયર સ્પર્ધાની પ્રારંભિક મેચમાં ગુજરાતની ટીમને બેંગલુરૂની ટીમ સામે હાર ખમવી પડી હતી.

---------------------------------------------------------------------------------